બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

## ☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

## ☞ વિશેષ નોંધ ☜

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

### (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, ચૌદમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૨)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ''આપ ગુપ્તવાસમાં રહેજો.'' (૧૨/૮૦)
➩ બ્રાહ્મણ (મહારુદ્ર-મહાદેવ) - મહારાજને
➩ પૃથ્વીમાં પાપ બહુ વધ્યાં અને વામમાર્ગી, શક્તિપંથી ને કુડાપંથીનું જોર વધ્યું અને તેઓએ સંતો-હરિભક્તોને ખૂબ દુઃખ દીધું હતું. તેથી મહારુદ્ર કાળ પાડવાના હોવાથી બ્રાહ્મણના સ્વરૂપે આવી મહારાજને વાત કરે છે.

૨. ''તમો જૂનાગઢ જાઓ.'' (૨૯/૧૪૮)
➩ મહારાજ - બ્રહ્માનંદ સ્વામીને
➩ અંતિમ મંદવાડ સમયે ગુણાતીતાનંદ સ્વામી (ભાદરાવાળા નિર્ગુણાનંદ)ને પોતાની પાસે બોલવવા માટે મહારાજ બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને કહે છે.

૩. ''તેઓ ચોરી અને ખૂનનો નિષેધ કરે છે.'' (૨૪/૧૨૪)
➩ વિલિયમ્સ - બિશપ હેબરને
➩ વડોદરામાં કલેકટર વિલિયમ્સ બિશપ હેબરને શ્રીજીમહારાજે કરેલ સમાજસુધારાના અને ધર્મસુધારાના કાર્યનો મહિમા કહેતાં કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. શોભારામે પોતાનું જીવન અંધકારમાં ધકેલી દીધું. (૧૦/૬૪)
જ. શોભારામ આંધળો થયો. આ વાતની મહારાજને જાણ થતાં મહારાજ તેને ક્ષમા આપી દૃષ્ટિ આપવા ગયા. ત્યારે તેણે દરવાજે બે નોકરોને ઊભા રાખ્યા ને મહારાજને મળવાની ના પાડી દીધી. મહારાજ ખિન્ન હૃદયે પાછા વળ્યા.આમ શોભારામે પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન ગુમાવીને પોતાનું જીવન અંધકારમાં ધકેલી દીધું.

૨. સુંદરજી સુતારે શ્રીજીમહારાજની માફી માગી. (૭/૪૩)
જ. પાંચ, પચીસ કે પચાસ ગામના ધણી મહારાજનો કેવળ એક પત્ર વાંચીને ઝોળિયા પારેવાંની જેમ પડતું મૂકી, સાધુ થઈને ભુજ આવ્યા. આ જોઈને સુંદરજી સુતારની આંખમાં પાણી આવી ગયા. તેમનો ગર્વ ઓગળી ગયો. તેઓ મરમમાં જ સમજી ગયા. તેમણે મહારાજને બંધિયામાં કહેલા શબ્દો બદલ માફી માગી.

૩. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીને ધાબળો ઓઢાડ્યો. (૨૩/૧૧૯)
જ. શ્રીજીમહારાજ ઓઢતા હતા તે ધાબળો ખૂબ વજનદાર, જાડો અને બરછટ હતો. ચામડી પર ઘસાય ત્યારે લોહીના ટશિયા ફૂટી જાય તેવો હતો. તેથી તે કોઈને આપતા ન હતા. ગુણાતીતાનંદ સ્વામીએ તે ધાબળો માગ્યો. મહારાજે ના પાડી. તો

મુક્તાનંદ સ્વામીએ કહ્યું 'મહારાજ ! આ નિર્ગુણાનંદ જડભરત જેવા છે.' તેમને ધાબળો ગમ્યો છે તો આપો. તેથી મહારાજે તેમને ધાબળો ઓઢાડ્યો.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. ચોખ્ખા કરવા છે (૧૫/૮૭-૮૮)** એક વાર કુંશળકુંવરબાએ હાથથી જાતે કમોદ ફોલીને મહારાજ પાસે મોકલાવી. મહારાજે પોટલી ખોલાવી તો સફેદ દૂધ જેવા અને સુગંધી ચપટી અણીશુદ્ધ ચોખા લઈ સૌને બતાવીને પૂછયું, 'આ શું છે.' સૌ કહે આ ચોખા છે આમ ત્રણ વખત પૂછયું તો દરેકે આ ચોખા છે એમ કહ્યું. આથી મુક્તાનંદ સ્વામીએ કહ્યું આનું રહસ્ય શું છે ? મહારાજ કહે આ ચોખા જેમ ઊજળા દૂધ જેવા અને અણીશુધ્ધ આખા છે. તેવા મારે સૌને 'ચોખ્ખા' કરવા છે. જેમ દરેક દાણો અખંડ અને અણીશુદ્ધ છે તેવા મારે સૌને કરવા છે.

**૨. ગુણગ્રાહક થવું. (૨૮/૧૪૨-૧૪૩) (૧)** ગઢડામાં એકવાર મહારાજ બપોરે સંતો હરિભક્તોને જુદાં જુદાં પકવાન, ફરસાણ શાકભાજી વગેરે પીરસ્યાં. સૌ જમવાની તૈયારીમાં હતાં ત્યારે એક સંત ગામડે ફરીને આવ્યાં. મહારાજે તો બધું પીરસી દીધું હતું તો હવે શું કરવું ? મહારાજે તુરત તે સંતને પત્તર લઈને પંગતમાં ફરીને ભિક્ષારૂપે થોડું માંગવાનું કહ્યું. પરમહંસ લેવા નીકળ્યા તો દરેક પોતાના પત્તરમાંથી સારામાં સારી ચીજ થોડી થોડી આપી. આથી સંતનું પત્તર પકવાનથી ભરાઈ ગયું. મહારાજે બે પંગત વચ્ચે ઊભા રહી, સંતનું પત્તર હાથમાં લઈ વાત કરી : 'જુઓ સૌની પાસે નમીને ગ્રહણ કર્યું તો આખું પત્તર સારાં સારાં પકવાનથી ભરાઈ ગયું. તેમ નિર્માની થઈને સૌમાંથી એક એક સારા ગુણ ગ્રહણ કરીએ તો જીવન સદ્ગુણોથી ભરાઈ જાય આમ મહારાજે ગુણગ્રાહક દૃષ્ટિ કેળવવાની વાત કરી.' **(૨)** શ્રાવણી પૂનમે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સમજાવતાં મહારાજે શુક મુનિને કહેલું 'આ ગુણાતીતાનંદ સ્વામીની મોટાઈ કાંઈ આસને કરીને નથી. તેમની મોટાઈ તો અનાદિની છે. તેઓ અમારે રહેવાનું ધામ છે. અમારી મૂર્તિને અખંડ ત્રણે અવસ્થામાં તેમણે ધારી રાખી છે.'

**૩. ભાઈઓનું મિલન (૨૦/૧૦૫-૧૦૭) (૧)** મહારાજ લોયામાં સંઘા પટેલના ડેલામાં બિરાજમાન હતા. ત્યાં છપૈયાથી ઈચ્છારામભાઈ આવ્યા તો પણ મહારાજ ડેલામાંથી દરબારમાં આવ્યા જ નહિ. એટલે મુક્તાનંદ સ્વામી ઈચ્છારામભાઈને મહારાજ પાસે લઈ ગયા. ઈચ્છારામભાઈ મહારાજના ચરણારવિંદ પકડીને ઘનશ્યામ ભૈયા ! ભૈયા ! ભૈયા ! કરતાં રડી પડ્યાં. મહારાજે પગ છોડાવીને પૂછ્યું : 'કોણ છે આ ?' ઈચ્છારામભાઈ હજુ એ સ્થિતિમાં બેસીને બોલી રહ્યા હતા : 'ઘનશ્યામ ! હમારા સંગ છોડકે આપ ચલે ગયે.' મહારાજ હજુ મૌન જ હતા. નિત્યાનંદ સ્વામીએ કહ્યું : મહારાજ ! તમે ભગવાન છો તે નમેરા થઈને સૌનો પ્રેમ વિસારીને ચાલી નીકળ્યા પણ એ તો મનુષ્ય છે ને ! આટલાં વર્ષોના વિરહના અંતે આ મિલનથી તેમનું હૈયું ભરાઈ આવ્યું છે, આપ જરા મૌન તોડીને તેમની સાથે બોલો તો ખરા. આપ ક્યાં ત્યાગી છો ? આપ તો ભગવાન છો.'- મહારાજે કહ્યું : 'અમારો સ્વભાવ ત્યાગીના જેવો છે. અમે જેનો ત્યાગ કરીએ તેને ફરી સંભારતા નથી.'- સંતોના આગ્રહથી મહારાજ ઈચ્છારામભાઈને મળ્યા. તેમના ત્રિવિધ તાપ ટળી ગયા. માયાજિતાનંદ સ્વામી સાથે છપૈયાથી અહીં કેવી રીતે પહોંચ્યા તે બધી વાતો ઈચ્છારામભાઈએ કરી. પાંચ દિવસ પછી રામપ્રતાપભાઈ આવ્યા. સંતમંડળ સામે વધાવવા ગયું. રામપ્રતાપભાઈ વિચાર કરતા હતા કે 'ભગવાન અમારા ઘેર પ્રગટ્યા અને અમે ઓળખી ન શક્યા અને દૂર દેશાવરના આ ગુજરાતના હરિભક્તોએ તેમને ઓળખી લીધા.' મહારાજને મળતાં જ ભેટી પડ્યા. આંસુ સાથે કહેવા લાગ્યા : 'સબકા પ્રેમકો ઠુકરાકર ચલે ગયે ? કભી કિસીકો યાદ ભી નહીં કિયા ?' મહારાજ શાંતિથી સાંભળી રહ્યા. સંતો-હરિભક્તો દિવ્ય પ્રેમની ભાવના નિહાળી રહ્યા. **(૨)** મહા સુદ પૂનમે ચંદ્રગ્રહણ છૂટ્યા પછી મહારાજે સંઘને લઈ ભદ્રા નદીમાં સ્નાન કર્યા પછી સભા ભરીને બેઠા હતા. તેવામાં પૈસાપાત્ર અભિમાની બાઈએ મહારાજને શ્વેત અંગરખું અર્પણ કરીને પહેરવા માટે આગ્રહ કર્યો. ત્યારે મહારાજે પૂછ્યું 'કેટલો વખત પહેરું?' ત્યારે તેણે કહ્યું 'ફાટે નહિ ત્યાં સુધી રોજ પહેરજો.' મહારાજે તાણીને અંગરખું પહેર્યું અને અંગ મરોડ્યું અને અંગરખું ફાટી ગયું. બાઈનો ગર્વ ગળી ગયો.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. વરતાલના સમૈયે જતાં શ્રીજીમહારાજે કોનું વ્યસન મૂકાવ્યું ? (૫/૩૪)

જ. વરતાલના સમૈયે જતાં શ્રીજીમહારાજે મૂળુખાચરનું વ્યસન મૂકાવ્યું.

૨. શ્રીજીમહારાજે મૂળજી શર્માને ક્યાં અને કયા મહિનામાં ભાગવતી દીક્ષા આપી ? (૯/૫૯)

જ. શ્રીજીમહારાજે મૂળજી શર્માને ડભાણ ગામમાં અને પોષ મહિનામાં ભાગવતી દીક્ષા આપી.

૩. શ્રીજીમહારાજે કયા બે સંતોને રાધાવિવાહ અને રુક્મિણી વિવાહનાં પદો રચવાની આજ્ઞા કરી ? (૧૬/૯૧)

જ. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીને રાધાવિવાહ અને રુક્મિણી વિવાહનાં પદો રચવાની આજ્ઞા કરી.

૪. શ્રીજીમહારાજે છાણી ગામના તેજા ભક્તને શું આશીર્વાદ આપ્યા ? (૨૫/૧૩૩)

જ. શ્રીજીમહારાજે છાણી ગામના તેજા ભક્તને આશીર્વાદ આપ્યા કે 'જાઓ બ્રાહ્મણોના જેવી પંડિતાઈ અને સદ્‌ગુણો તમારામાં આવશે, બ્રાહ્મણો શરમાઈ જાય તેવાં વિશુદ્ધ તમારાં વર્તન થશે !'

૫. ગુણાતીતાનંદ સ્વામીને શા માટે મૂર્છા આવી ? (૨૯/૧૫૪)

જ. દ્રોનું જીવન જળ હોવાથી તે લીલીછમ પ્રફુલ્લિત છે, પણ આપણું જીવન તો મહારાજ હતા તે તો હવે ગયા. આટલા વિચાર માત્રથી ગુણાતીતાનંદ સ્વામીને મૂર્છા આવી ગઈ.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૩, ૪ (૧૪/૮૭) **૨.** ૨, ૩, ૪ (૧/૬)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** સાંખ્યયોગી બાઈઓ (૬/૩૯) **૨.** નૃસિંહાનંદ (૧૧/૭૩) **૩.** સામ, સાવર્ણ (૨૧/૧૧૦) **૪.** નિષ્કુળાનંદ (૩/૨૮)

**(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''આ સૂર્ય છે તેને લોકો સૂર્ય કહે તો જ તે સૂર્ય ?'' (૧/૩-૪)

➩ નિત્યાનંદ સ્વામી - નરસિંહ પંડ્યાને

➩ જ્યારે નરસિંહ પંડ્યાએ પ્રશ્ન કર્યો કે ભગવાન બનવું હોય તેણે પહેલાં પ્રસ્થાનત્રયી ઉપર ટીકા લખવી જોઈએ. કાશીના પંડિતો તે ટીકાને માન્ય કરે ત્યારે જ ભગવાન બનાય. સ્વામિનારાયણ ભગવાને પ્રસ્થાનત્રયી ઉપર ટીકા રચી છે ? ત્યારે કહે છે.

૨. ''હજુ અડધી બાકી છે.'' (૫/૩૭)

➩ દાદાખાચર - મહારાજને

➩ મહારાજે સાદ કર્યો તે વખતે પોતે હજામત કરાવતાં હતાં અને અડધી હજામત થઈ ગઈ હોવા છતાં તે બાકી રાખી મહારાજ પાસે જાય છે. ત્યારે મહારાજ પૂછે છે. 'દાદા ક્યાં હતો ?' - 'હજામત પૂરી થઈ રહી ?' ત્યારે કહે છે.

૩. ''એ તો રાજાનું કામ કાં આચાર્યનું કામ.'' (૭/૫૫)

➩ શાસ્ત્રીજી મહારાજ - જાગા ભક્તને

➩ જાગા ભક્તે શાસ્ત્રીજી મહારાજને કહ્યું : તું ન કરે ? ત્યારે પરિસ્થિતિનું વર્ણન કરતાં કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. શ્રીજીમહારાજે રાજી થઈને કહ્યું, ''બ્રહ્મચારી બહુ ભણ્યા નથી પણ મુદ્દાની વાત સમજે છે.'' (૩/૨૫)

જ. શ્રીજીમહારાજે બ્રહ્મચારીને સભામાં વાત કરવાનું કહ્યું ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : 'સર્વ અવતારો આ સ્વામિનારાયણ ભગવાનની સેવા કરે છે. આવો અવતાર કોઈ વખતે થયો નથી ને થશે પણ નહિ. તેમની આજ્ઞા પાળવી. તેમાં કાંઈ ફેર પાડવો નહિ.' માટે શ્રીજીમહારાજે રાજી થઈને કહ્યું, ''બ્રહ્મચારી બહુ ભણ્યા નથી પણ મુદ્દાની વાત સમજે છે.''

૨. પીંજારાની શેર માટીની ખોટ પૂરી થઈ. (૨/૯)

જ. પીંજારો સવારે જંગલમાં જતો હતો. તેની નજર ઝાડની બખોલમાં પડી અને ત્યાં બાળકને જોઈને તેને અંતરમાં આનંદ થઈ ગયો. તેને લાગ્યું કે 'ઘેર શેર માટીની ખોટ હતી. તે ખુદાએ આજ પૂરી કરી.

**પ્ર.૯** 'અયોધ્યાપ્રસાદજી મહારાજની આત્મનિષ્ઠા' (૪/૨૭-૨૯) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

મહારાજની કૃપાથી અયોધ્યાપ્રસાદજી મહારાજે આત્મનિષ્ઠા આદિક સદ્‌ગુણો કેળવ્યા હતા. તે તેમના જીવનના પ્રસંગો ઉપરથી આપણને જણાય છે. (૧) એક વખત સંત હરિભક્તો સાથે અયોધ્યાપ્રસાદજી મહારાજ જેતલપુર પાસે ગામડી ગામે પધાર્યા. આચાર્ય મહારાજનું ભારે સ્વાગત કર્યું. આ ઉત્સાહના રંગમાં સૌ ભાન ભૂલી કાર્ય કરતા હતા. સભાપ્રસંગ પછી ઠાકોરજીને થાળ ધરી આચાર્ય મહારાજને સૌએ પ્રેમથી જમાડ્યા. દૂધપાક બનાવ્યો હતો. તે ખૂબ આગ્રહથી પીરસ્યો. આચાર્ય મહારાજ સૌના અતિ આગ્રહથી રાજી થઈ જમ્યા. પછી હરિભક્તો જમવા બેઠા ત્યારે સૌને ખબર પડી દૂધપાક તો ઘણો ખારો હતો. ભૂલથી સાકરને બદલે મીઠું નંખાઈ ગયું હતું. સૌને ઘણો પસ્તાવો થયો. આચાર્ય મહારાજને મીઠું ને સાકર બંને સરખા હતાં. સૌ હરિભક્તોએ માફી માંગી. તેમણે હસતે મુખે કહ્યું 'તમે દુઃખ પામશો નહિ. ભગવાનની પ્રસાદીમાં સ્વાદ જોવાય નહિ. ભગવાનને જે ધર્યું તે રાજી થઈને સૌએ જમી લેવું જોઈએ.' (૨) બીજા પ્રસંગે આચાર્ય મહારાજ અવધભુવનમાં માનસી પૂજા કરવા બેઠા.

શ્રીજીમહારાજની મૂર્તિમાં તેઓ ધ્યાનમગ્ન બન્યા હતા. તેવામાં એક વીંછી ધીરે રહી તેમના વાંસા પર ચડ્યો. પોતાના સ્વભાવ પ્રમાણે ડંખ ભર્યો પરંતુ ધ્યાનમાંથી વિચલિત થયા નહિ. પૂજાનો વિધિ પૂરો થયો ત્યારે જાગ્રત થઈને સેવકોને પૂછયું, 'મારા વાંસામાં શું થયું છે ?' સેવકોએ જોયું તો વાંસો લાલચોળ થઈ સૂજી ગયો હતો. થોડે દૂર વીંછી સંતાતો ફરતો હતો. આચાર્ય મહારાજ ફક્ત એટલું જ બોલ્યા, 'સૌ સૌની પ્રકૃતિ પ્રમાણે આચરણ કરે છે. દુર્જન પોતાની પ્રકૃતિ છોડતા નથી તો સજ્જને પણ પોતાની પ્રકૃતિ છોડવી નહિ. આવી આત્મનિષ્ઠા હતી.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. કૃષ્ણજી અદાની પ્રિય સાખી કઈ હતી ? (૮/૬૩)

જ. કૃષ્ણજી અદાની પ્રિય સાખી 'નાને સે હો નાને રહીએ, જૈસી નાની દૂબ; ઘાસ ફીસ સબ ઊડ ગયા, દૂબ ખૂબકી દૂબ.' હતી.

૨. મહારાજે પોતાનું ઘર કયાં માન્યું હતું ? (૬/૪૧)

જ. દાદાખાચરના દરબારને મહારાજે પોતાનું ઘર માન્યું હતું.

૩. કોનાં દર્શનથી અયોધ્યાપ્રસાદજી મહારાજને શાંતિ થઈ ગઈ ? (૪/૩૦)

જ. ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શનથી અયોધ્યાપ્રસાદજી મહારાજને શાંતિ થઈ ગઈ.

૪. શ્રીજીમહારાજે પોતાના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી ત્યારે પ્રેમાનંદ સ્વામીએ કયું પદ બનાવ્યું ? (૨/૧૫)

જ. (૧) 'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ.' (૨) 'બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન..' આ પદો બનાવ્યા.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : જાગાભક્તે પાળેલ ગુણાતીતાનંદ સ્વામીની અનુવૃત્તિ (૭/૫૦-૫૧)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૪ | ૬ | ૭ | ૯ | ૧૧ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૧ | ૪ | ૬ | ૧૧ | ૯ | ૭ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો : જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમ : ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચું ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો .**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **શ્રીકૃષ્ણજી અદા :** સ્વામી તો થોડો લાડુ ગ્રહણ કરી અડદની દાળ ને રોટલા જ જમ્યા. બપોરે કથા કરી, થોડો આરામ કરી, રજા લીધી. (૮/૬૩)

૨. **ભક્તરાજ લાડુબા :** લાડુબાએ મહારાજ સહિત ત્રીસ ભક્તોને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. મહારાજે સૌથી પહેલા સચ્ચિદાનંદ સ્વામીને જમવા મોકલ્યા. (૬/૪૩)

૩. **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી :** ફરતાં ફરતાં ગુજરાતમાં આવી તેમણે દ્વારિકા તીર્થની પણ યાત્રા કરી. દ્વારિકાથી પાછા ફરતાં તેઓ વિસનગર આવ્યા. (૧/૧)

૪. **મુકુંદાનંદ વર્ણી (મૂળજી બ્રહ્મચારી) :** બ્રહ્મચારી ડભાણમાં રામદાસભાઈ પાસે આવીને રહ્યા. છ માસ ત્યાં રહ્યા. ઉનાળામાં ડભાણિયા આંબાની કેરીઓ પાકી. તેમાંથી દોઢ મણ કેરીનો ટોપલો રામદાસભાઈએ મહારાજને મોકલવા તૈયાર કર્યો. (૩/૨૩)

## (વિભાગ - ૩ : નિબંધ)

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **સંયમ દ્વારા પ્રભુનો સાક્ષાત્કાર :** (૧) અધ્યાત્મ માર્ગ ખૂબ કઠિન - તલવારની ધાર પર ચાલવા જેવો દુષ્કર - પરંતુ સાધકને ભગવાનનો સાક્ષાત્કાર કરવાની તીવ્ર મહેચ્છા. તે માટે જો સાધકનો માર્ગ નિર્વિઘ્ન બને તો સાધકને ભગવાનના સાક્ષાત્કારની અનુકૂળતા - સરળતા. (૨) સાક્ષાત્કાર સુધી પહોંચવા માટે સંયમ એ અતિ આવશ્યક છે. તો પ્રશ્ન થાય કે સંયમ એટલે શું ? સંયમ એટલે મન પરનો કાબૂ - સંયમ એટલે ઉદ્ધત રીતે દોડતી પાંચ ઈન્દ્રિયોની વૃત્તિઓ પર રાખવામાં આવતી બ્રેક - શાસ્ત્રોમાં પણ પાંચ ઈન્દ્રિયોને સંયમમાં રાખવાનો આદેશ - આંખ, કાન, નાક, જીભ, ત્વચા આ પાંચ ઈન્દ્રિયો અસંયમિત - તો ભગવાનના સાક્ષાત્કારનો માર્ગ દુષ્કર - તેથી જ સાધના માર્ગને નિષ્કંટક બનાવવા માટે ઈન્દ્રિયોનો સંયમ તે મુખ્ય અને અતિ આવશ્યક સાધન - આ અંગે ઉપનિષદમાં રૂપક દ્વારા જ્ઞાન - આપણું શરીર એક રથ, તેના પર આરૂઢ થનાર આત્મા, ઈન્દ્રિયો આ રથના ઘોડા, મન એ ઘોડાને કાબૂમાં રાખતી લગામ અને બુદ્ધિ તે સારથિ - આ સારથિ જીવનરથને વિષયથી દૂર રાખી કુશળતાપૂર્વક ઘોડાને સંયમમાં રાખી પરમાત્માના સાક્ષાત્કારના માર્ગ ભણી નિર્વિઘ્ને લઈ જાય છે તે માટે ઈન્દ્રિયોનો સંયમ અનિવાર્ય. (૩) આધ્યાત્મિક માર્ગમાં પ્રથમ સંયમ જોઈએ આંખનો - ગાંધારીની આંખનો સંયમ - પરિણામે દૃષ્ટિ માત્રે દુર્યોધનને વજ્ર જેવો બનાવવાની તાકાત - ઉપલેટાના લાલાભાઈ - અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી સંયમનિષ્ઠ - કે જેમણે પોતાની સોળ વર્ષની પુત્રી થઈ ત્યાં સુધી તેના નાકની દાંડી પણ જોઈ ન હતી. (૪) બીજો સંયમ સ્વાદનો - શ્રીજીમહારાજે બધી ઈન્દ્રિયોને જીતવાની વાત કરી છે પણ રસના ઈન્દ્રિયને વિશેષ કરીને જીતવાની વાત કરી છે. કારણ જેણે સ્વાદ પર વિજય મેળવ્યો તેણે સર્વ પર વિજય મેળવ્યો જાણવો - ઉમરેઠના ગંગાદત્ત (આંબલી) સ્વાદને સાથે લઈને શ્રીજીમહારાજનો સમાગમ કરવા ગયા - તો આંબલી ખૂટતાં પરત આવવું પડ્યું. ભગવાન પ્રસન્નતાથી વંચિત સ્વાદને કારણે - એકલશૃંગી વગેરે અનેક દૃષ્ટાંતો આપી શકાય. - સ્વાદની સાથે જીભ પર શબ્દોનો કર્ણ વાણીનો સંયમ ન હોય તો રામાયણ કે મહાભારત સર્જાય. (પ્રસંગો લઈ શકાય) (૫) ત્રીજો સંયમ કર્ણનો એટલે કે સાંભળવાનો સંયમ - વિશ્વામિત્ર ઋષિને પણ મધુર અવાજથી આકર્ષણ - પરિણામે ખૂબ મોહ, આધ્યાત્મિક સિદ્ધિથી વંચિત - યોગીજી મહારાજ કહેતા, 'કાનનો સંયમ એટલે ભગવાન સંબંધી જ વાતો સાંભળવી - શુકદેવજીના મુખે કથા સાંભળવાથી મોક્ષ - રઘુવીરજી મહારાજને કથાશ્રવણથી બ્રાહ્મીસ્થિતિની પ્રાપ્તિ - તેથી ગમે તેવા ગીતો, ગમે તેવી વાતો સાંભળવાથી ભગવાનનું સુખ પ્રાપ્ત થાય ખરું તે આપણે વિચારવું રહ્યું. (પ્રસંગો-દૃષ્ટાંતો આપી શકાય.) (૬) આપણાં પ્રાચીન ઉપનિષદો નચિકેતા જેવા યુવાનોની ગાથા ગાઈને સંયમનો મહિમા સમજાવે છે - નચિકેતાને કેટલાં પ્રલોભનો યમરાજા દ્વારા - ભોગવિલાસ, સત્તા, ત્રણે લોકનું રાજ્ય, દીર્ઘ આયુષ્ય, પરંતુ નચિકેતાનો નિશ્ચય, દૃઢતા અવિચળ સંયમ આ બધાં પ્રલોભનોનો ઈન્કાર કરી દીધો - સહજતાથી પ્રાપ્ત થતા સુખને ઠોકર મારી - તેની આ દૃઢતા અને સંયમથી યમરાજા પ્રભાવિત - દુર્લભમાં દુર્લભ એવું આત્મા-પરમાત્માનું જ્ઞાન રાજી થઈ આપ્યું. ભગતજી મહારાજ પર ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા મુજબ મન, ઈન્દ્રિયોના ચૂરેચૂરા કરી, ઈન્દ્રિયો પર સંયમ મેળવી પ્રભુના સાક્ષાત્કારને પામી ગયા. અનેક ઉદાહરણો ઈન્દ્રિયોના સંયમના શાસ્ત્રોમાંથી મળે છે. (૭) સંયમનું બીજું નામ છે બ્રહ્મચર્ય. શ્રીમદ્ ભગવદ્ગીતા કહે છે જેને પરમ પદને પામવું હોય, ભાગવતનો સાક્ષાત્કાર કરવો હોય તેણે બ્રહ્મચર્ય પાળવું. સમાજના કેટલાક કહેવાતા સુધારાવાદી માને છે કે બ્રહ્મચર્યનું પાલન અસંભવિત છે પરંતુ આ કરાળ કળિકાળમાં પણ બ્રહ્મચર્ય પાળનારા મહાપુરુષો આપણી વચ્ચે જીવી રહ્યા છે. આ મહાપુરુષોમાં અતિ વંદનીય પૂજનીય નામ છે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ. સમગ્ર જીવન દરમ્યાન અષ્ટાંગ બ્રહ્મચર્ય સારધાર પાલન કરીને ઉચ્ચ આદર્શ સ્થાપ્યો છે અને પ્રભુના સાક્ષાત્કારને પામ્યા છે. સાક્ષાત્કારથી પણ આગળ રોમેરોમમાં પ્રભુને ધારીને રહ્યા છે. તેમનાં દર્શન અને સંયમી વર્તનથી જ હજારો લોકો સંયમના માર્ગે - દર્શનમાત્રથી શાંતિ અને સુખની અનુભૂતિ - ઉપસંહાર.

૨. **આપણે B.A.P.S. ના પ્રતિનિધિ :** (૧) પ્રથમ તો B.A.P.S. એટલે શું ? બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા - પ્રતિનિધિ એટલે કોને જોઈને આખી સંસ્થાની માહિતી મળી શકે ? (૨) B.A.P.S. નું નામ આંતરરાષ્ટ્રીય ફલક પર - વિશ્વમાં વિખ્યાત - સંસ્થાને સંસ્થાના કાર્યને, ગુરુને, અનુયાયીઓને ઓળખનારો બહોળો સમાજ દેશ-વિદેશમાં ફેલાયેલ છે. આપણે સંસ્થાના પ્રતિનિધિ - તેથી આપણા વર્તન દ્વારા સંસ્થાની લોકપ્રિયતાની શાખ પૂરાય. (૩) આપણા સહવર્તનથી સંસ્થાની ઓળખ સારી રીતે થાય. આપણે સંસ્થાની અસ્મિતા, આપણા ગુરુની અસ્મિતા, આપણાં ભવ્ય મંદિરો, ઈષ્ટદેવ વગેરેની અસ્મિતા હોય તો આપણું વર્તન અન્ય મનુષ્યો કરતાં મૂઠી ઉંચેરે - જેથી સંસ્થા પ્રત્યે આપણા પરિચયમાં આવનાર વ્યક્તિને માન જાગે. (પ્રસંગો લખવા) આપણા કેટલાય હરિભક્તોને પરદેશમાં પણ પાર્લામેન્ટમાં, રાજમહેલમાં કે દૂતાવાસમાં માન મળ્યું છે. સુંદર સ્વાગત કરવામાં આવે છે. આપણા તહેવારો વગેરે પરદેશમાં પણ વિદેશીઓ દ્વારા સારી રીતે ઊજવણી (પ્રસંગો) આ બધાનું કારણ શું ? પ્રતિનિધિ તરીકે દરેકનું વર્તન (વર્તન વાતો કરે છે. પ્રસંગો) (૪) સામે પક્ષે જો આપણું વર્તન સત્સંગીને છાજે તેવું ન હોય તો સંસ્થાની, ગુરુની અસ્મિતાને ઝાંખપ લાગે. આપણને કોઈ ઓળખતું નથી પરંતુ આપણા ગુરુ, આપણી સંસ્થા વિશ્વવ્યાપી. તેથી આપણા વર્તનમાં

આપણે સંયમી રીતે વર્તવું આવશ્યક. સત્સંગને છાજે તેવી રીતભાત આવશ્યક (પ્રસંગ) પરીક્ષામાં ચોરી ન કરતાં કિશોરને જોઈને સુપરવાઈઝર બોલી ઊઠે કે તું પ્રમુખસ્વામીનો છું અથવા તો તું **B.A.P.S.**નો છું. આ જ આપણું પ્રતિનિધિત્વ - આપણું વર્તન જોઈને જ સામેની વ્યક્તિ પર તેની અમીટ છાપ પડે તે જ આપણું પ્રતિનિધિત્વ. (૫) આપણા કેટલાય બાળકો, કિશોરો, હરિભક્તોની પ્રામાણિકતા દષ્ટાંત રૂપ - પસ્તીમાંથી રૂપિયા મળી આવે, હીરાનું પડીકું રસ્તામાંથી મળે તો તે પરત કરે, વધારે ચૂકવણી થઈ હોય, વધારે માલ અપાઈ ગયો હોય તો તે પરત કરનાર સત્સંગીઓએ આપણી સંસ્થા માટે સુંદર પ્રતિનિધિત્વ પૂરું પાડ્યું છે. (૬) તેથી જ સંસ્થાની અસ્મિતાને ક્ષણે ક્ષણે યાદ રાખીને આપણે વર્તીએ તો જ આપણે સંસ્થાના સાચા પ્રતિનિધિ કહેવાઈએ. - ઉપસંહાર.

૩. **B.A.P.S. : શ્રેષ્ઠ સંસ્થા :** (૧) B.A.P.S. નો અર્થ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (૨) દુનિયામાં સૌથી શ્રેષ્ઠ. તે આપણે સહિયારા પ્રયાસથી કરવાની છે. તેના માટેના વિચારો રજૂઆત, હાલના કાર્યની સમીક્ષા - સેવા, સમર્પણ, વાણી અને વર્તનની એકતા, જીવન સુધારણા - આપણા જીવનની છાપથી સંસ્થાનું નામ ઉજ્જવળ થાય તેવા (પ્રસંગો) પ્રયત્નો (૩) કોઈપણ સંસ્થાનું અસ્તિત્વ સનાતન રહે તે માટે તેનો સિદ્ધાંત હોવો આવશ્યક - B.A.P.S.નો સિદ્ધાંત 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી' - ગમે તે દેશમાં ગમે તે સમયે પણ આ સિદ્ધાંતનું જ દઢતાપૂર્વક પાલન થાય છે. (પ્રસંગો) (૪) સંસ્થાનો સિદ્ધાંત હોય પરંતુ સાથે સાથે તે સિદ્ધાંતના પ્રવર્તન માટે એવા ગુરુ નેતાનું હોવું આવશ્યક - ગુરુ પોતે સિદ્ધાંતનિષ્ઠ અને શ્રોત્રિય - પોતે વર્તીને બીજાને વર્તાવી શકે - પંચ વર્તમાનમાં દઢ, સ્ત્રી-ધનના ત્યાગી - આદર્શ સંતના બધાં લક્ષણોએ યુક્ત એવા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજ - સિદ્ધાંત પ્રમાણે જ વર્તન - લેશમાત્ર પણ બાંધછોડ નહિ - આવા શ્રેષ્ઠ ગુરુ (વિશ્વવંદનીય) તો તેમની સંસ્થા પણ શ્રેષ્ઠ (પ્રસંગો) (૫) સંસ્થા પાસે આદર્શ સંતો, હરિભક્તો, કાર્યકરો, સંપમાં વર્તન, શિસ્ત, ગુરુ આજ્ઞામાં ટૂક ટૂક સેવામાં તત્પર - સમર્પણવાળા કાર્યકરોની વિશાળ સેના - વિશ્વમાં આવા સમર્પિત કાર્યકરો મળવા દુર્લભ - (પ્રસંગો) (૬) સંસ્થાના પ્રેસને એવોર્ડ - મંદિરોને એવોર્ડ, શિલ્પકલાનો એવોર્ડ મળે - સંસ્થાના પશુને પણ એવોર્ડ મળે - દિલ્હીનું અક્ષરધામ શ્રેષ્ઠ કળાકારીગરી અને સમર્પણતા પ્રતિક. (૭) આમ સંસ્થા દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ છે. તેથી જ B.A.P.S. શ્રેષ્ઠ સંસ્થા કહેવાય છે.

❑ ❑ ❑